# શ્રી યુ.પી. આર્ટ્સ શ્રીમતી એમ.જી. પંચાલ સાયન્સ એન્ડ
# શ્રી વી.એલ. શાહ કોમર્સ કોલેજ, પિલવાઇ

## હેડ ક્લાર્ક (વર્ગ 3) ના ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે અગત્યની જાહેરાત

ઉત્તર-પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ, પીલવાઈ સંચાલિત શ્રી યુ.પી. આર્ટ્સ શ્રીમતી એમ.જી. પંચાલ સાયન્સ એન્ડ શ્રી વી.એલ. શાહ કોમર્સ કોલેજ, પિલવાઇમાં હેડ ક્લાર્ક (વર્ગ 3)ની એક જગ્યા માટે તારીખ 09-10/052026ના રોજ લેવાયેલી બીજા તબક્કાની મુખ્ય વર્ણનાત્મક પરીક્ષાના કોલેજની વેબસાઈટ પર મુકેલા પરિણામના આધારે ઉક્ત સંવર્ગના ઉમેદવારોએ મેળવેલા ગુણના આધારે મેરીટના આધારે **પસંદગી/પ્રતીક્ષા યાદી**માં સમાવવાપાત્ર સંભવિત ઉમેદવારો કે જેઓના અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરવાની થાય છે. તેવા ઉમેદવારોની યાદી અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી અંગેની ઉમેદવારો માટેની સૂચનાઓ નીચે મુજબ છે.

### હેડ ક્લાર્ક (વર્ગ 3)ની એક જગ્યા માટે પસંદગી પ્રતીક્ષા યાદીમાં સમાવવાપાત્ર સંભવિત ઉમેદવારોની યાદી

| SR NO | SEAT NO. | CANDIDATE'S NAME | M/F | Marks | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | Paper-1 Gujarati Language Skill (100) | Paper-2 English Language Skill (100) | Paper-3 General Studies (150) | Total (350) |
| 1 | 1003 | JOSHI MEGHANABEN KETANKUMAR | Female | 64.00 | 62.00 | 92.00 | 218.00 |
| 2 | 1001 | PATEL RUTKUMAR DINESHBHAI | Male | 70.00 | 52.00 | 95.50 | 217.50 |

પસંદગી સમિતિ

# પ્રમાણપત્રોની ચકાસણી નો કાર્યક્રમ

## સ્થળ: વહીવટી ભવન ડો જે ડી તલાટી વિદ્યાસંકુલ, પીલવાઈ કોલેજ

**તારીખ: ૨૧/૦૫/૨૦૨૬ વાર : ગુરુવાર સમય:સવારે ૧૧:૦૦ કલાકે**

**સૂચનાઓ:**

પ્રસ્તુત યાદીમાં ઉમેદવારોએ એમસીક્યુ બેઈઝડ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે મેરીટ્સ, લઘુત્તમ લાયકી ગુણ અને ઓપન કેટેગરીથી ભરવાની બે જગ્યાઓને આધારે પસંદગી પ્રતીક્ષા યાદીમાં સમાવવા પાત્ર સંભવિત ઉમેદવારો કે જેઓને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સારું બોલાવવાના થાય છે તેવા ઉમેદવારોનનો સમાવેશ કરવામાં આવેલો છે.

- ઉપર દર્શાવેલ યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણીને અંતે લાયક ઠરેલ ઉમેદવારોને પુક્ત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના મેરીટના આધારે પસંદગી યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે.
- ઉમેદવાર ઉપર દર્શાવેલ યાદીમાં પોતાના નામના સમાવેશ માત્રથી તેઓનો પસંદગી યાદીમાં સમાવેશ માટેનો કોઈ હક્કદાવો કરી શકશે નહીં.
- જે ઉમેદવારો હેડ ક્લાર્કની જગ્યા એ જોડાવા માંગતા ના હોય અને પ્રમાણપત્રોની ચોક્કસ ચકાસણીમાં ઉપસ્થિત રહેવા માંગતા ના હોય તેવા ઉમેદવારોએ લેખિતમાં સંચાલક મંડળને જાણ કરવાની રહેશે.
- અનિવાર્ય સંજોગોમાં ઉમેદવાર આ કાર્યક્રમમાં હાજર રહી શકે તેમના હોય તો તેઓ તેમના વાલીને સંમતિ પત્રક સાથે મોકલી પ્રમાણપત્રોની ચકાસણી કરાવી શકે છે. આ માટે નિયત નમૂનાનું સંમતિ પત્રક વાલી સાથે મોકલવાનું ફરજિયાત છે.
- પ્રમાણપત્રોની ચકાસણીનો કાર્યક્રમ જાહેર થયેલી ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે સંબંધિત ઉમેદવારોને રૂબરૂ ઉપસ્થિત રહેવાની જાણ કરતા વ્યક્તિગત પત્રો ઈ મેઈલ મારફત મોકલવામાં આવશે.
- ઉમેદવારે ચકાસણી કાર્યક્રમમાં નીચે અને દર્શાવ્યા મુજબના વય, જાતિ, શૈક્ષણિક લાયકાત વગેરેના અસલ તેમજ પ્રમાણપત્રોની બ-બે ઝેરોક્ષના નકલના સેટ સાથે અચૂક ઉપસ્થિત થવાનું રહેશે. વધુમાં ઉમેદવારે અરજી કરતા સમયે દર્શાવેલ વિગતો અને અસલ પ્રમાણપત્રોની વિગતમાં વિસંગતતા હોય તો ચકાસી લેવું અને જરૂરી લાગે તો તે બાબતનું એફિડેવિટ કરી સાથે લાવવાનું રહેશે.
- ઉમેદવારોએ આ સાથે સામેલ પ્રમાણપત્રોની ચકાસણીના ફોર્મમાં જરૂરી વિગતો ભરી નીચે દર્શાવેલ ક્રમ મુજબ લાગુ પડતા અસલ પ્રમાણપત્રો ગોઠવીને તેની સ્વપ્રમાણિક ઝેરોક્ષ નકલો બે સેટમાં અવશ્ય લાવવાની રહેશે.

1. શાળા છોડ્યા નો દાખલો
2. અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગે નો દાખલો
3. ધોરણ 10 અને ધોરણ 12 ની માર્કશીટ અને પ્રમાણપત્ર
4. શૈક્ષણિક લાયકાત બીએસસી કેમેસ્ટ્રીના તમામ સેમેસ્ટરની માર્કશીટ અને પ્રમાણપત્ર
5. કમ્પ્યુટરની જાણકારી અંગેનું પ્રમાણપત્ર
6. દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારે નિયત નમૂનાનું સક્ષમ અધિકારી તરફથી મળેલ પ્રમાણપત્ર
7. તાજેતરના પાસપોર્ટ સાઈઝના બે ફોટા